CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૪ એપ્રિલ, ૨૦૨૫ ૭




## 'શક્તિવંદના'

# યા દેવી સર્વે ભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા

## વડોદરાની પ્રજાને આ શક્તિ કેન્દ્રો પર છે અતૂટ આસ્થા

### વડોદરા, વેલ્લુર અને કોલ્હાપુરમાં મહાલક્ષ્મી માતાજીની એક સરખી મૂર્તિ



મહાલક્ષ્મી માતાજીની એક સરખી નયનરમ્ય મૂર્તિઓ વડોદરા, કોલ્હાપુર તેમજ વેલ્લુરમાં સ્થાપિત કરાઇ હતી

શહેરના બેંકરોડ મહેતાપોળની સામે મુખ્ય માર્ગના કિનારે આવેલા આશરે 175 વર્ષ જુના શ્રી મહાલક્ષ્મીજી માતાજીના મંદિરે માતા મહાલક્ષ્મીને ચૈત્રી નવરાત્રિ પર્વે લાભ પંચમી નિમિત્તે વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. સમગ્ર દેશમાં સૈકાપૂર્વે કાળા પથ્થરમાંથી મહાલક્ષ્મી માતાજીની એક સરખી નયનરમ્ય મૂર્તિઓ વડોદરા, કોલ્હાપુર તેમજ વેલ્લુરમાં સ્થાપિત કરાઇ હતી. ચૈત્રી નવરાત્રી દરમિયાન મંદિરમાં અખંડ દિવા સામે ચંડીપાઠ, શ્રીસુક્તમના પાઠ જારી રહે છે. જ્યારે રાતે મંદિર બહાર કુંવારિકાઓના ગરબા યોજાય છે. મંદિરના પૂંજારી પરિક્ષિત ઉમાશંકર પંડ્યા તેમજ ચંદ્રેશભાઇ સોનીએ જણાવ્યું હતું કે, અહીં મહાલક્ષ્મી માતાજીના મંદિરે 21 શુક્રવાર ભરનારની માનતાપરિપૂર્ણ થતી હોવાની વાયકા છે. સમગ્ર ભારતમાં તામિલનાડુના વેલ્લુર ખાતેના સોનાના વરખવાળા મહાલક્ષ્મી માતાજીનું મંદિર, કોલ્હાપુર તેમજ વડોદરા ખાતેનું મંદિર પણ ભક્તો માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. નવરાત્રી દરમિયાન આઠમે મંદિરમાં શ્રીલક્ષ્મીહવન સાથે શ્રીસુક્તમના પાઠ યોજાય છે. દરવર્ષે દેવઉઠી અગિયારસે માંડવીથી નિકળતા ભગવાન શ્રી રણછોડ રાયજીના વરઘોડા તેમજ દેવદિવાળીએ નિકળતા ભગવાન શ્રી નરસિંહજીના વરઘોડાને પણ મહાલક્ષ્મી માતાજીના મંદિરે પધરામણી કરાવવાની પરંપરા જારી છે. અહીં ચૈત્રી નવરાત્રિ દરમિયાન કુંવારિકા પૂજન તથા કુંવારિકાઓ ને ભોજનના કાર્યક્રમ સિવાય વર્ષોથી ગરબા કે હવનના વિશેષ કાર્યક્રમ નથી યોજાતા કારણ કે કંઇક અશુભ સમાચાર બને છે પરંતુ આસો નવરાત્રી દરમિયાન અહીં ગરબા,હવન, કુંવારિકાઓનુ પૂજન, કુંવારિકા ભોજન સહિત નિત્ય શ્રીસુક્તમના પાઠ કરવામાં આવે છે.

### પાદરાના રણુ ગામે શક્તિ સ્વરૂપે બિરાજમાન તુલજાભવાની માતા

વડોદરા જીલ્લાના પાદરા તાલુકામાં રણુ ગામ આવેલુ છે. નાના ગામ રણુના પ્રાચીન મંદિરમાં 900 વર્ષથી મા તુલજા ભવાની બિરાજે છે. મંદિર પાસે આવેલા માન સરોવરનું ખોદકામ કરવામાં આવ્યુ ત્યારે માતાજીની મુર્તિ મળી આવતા નાની દેરી બનાવી તેમની સ્થાપના કરવામાં આવી હતી. દરેક ભાવિકોની મનોકામના પૂર્ણ કરતી મા તુલજા ભવાનીના આશીર્વાદથી મલ્હારરાવ ગાયકવાડ પણ અંગ્રેજોની નજરકેદમાંથી મુક્ત થયા હતા. વડોદરાથી 23 કિલોમીટરના અંતરે અને પાદરાથી સાત કિલોમીટરના અંતરે રણુ ગામ આવેલું છે. આમ તો આ ગામ નજીવી વસ્તી ધરાવે છે પણ ગામમાં આવેલા નવસો વર્ષ જૂના તુલજા ભવાની માતાના મંદિરના કારણે સમગ્ર દેશ અને વિદેશમાં પણ જાણીતુ છે. ઇસ 1363માં શ્રી યોગીરાજ વિશ્વંભગીરીજી મહારાજે માનસરોવરનું ખોદકામ કરાવ્યું જેમાંથી માં તુલજા ભવાનીની મૂર્તિ મળી આવતા આ સ્થળે એક નાનકડી દેરીમાં સરોવરની ધારાએ માતાજીની સ્થાપના કરી હતી. વર્તમાન સમયમાં માઇભક્તોના સહકારથી નાની દેરી ભવ્ય મંદિરના સ્વરૂપમાં ફેરવાઇ ગઇ છે. મંદિર અને માન સરોવર પાસે પ્રગટાવેલા અખંડ ધૂણો આજે પણ પ્રજ્વલિત છે. તુલજા ભવાની માતાજીના મંદિરે રવિવારે અનેક માઇભક્તો આવે છે.

અનેક ભક્તો અહી પગપાળા આવી માતાજી સમક્ષ વ્યક્ત કરે છે અને માતાજી ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે.

શાકંભરી નવરાત્રી, માઘી ગુપ્ત નવરાત્રી, ચૈત્ર નવરાત્રી, અષાઢી ગુપ્ત નવરાત્રી અને આસો નવરાત્રીમાં અનેક ભક્તો માતાજીના મંદિરે પગપાળા આવી પોતાની મનોકામના માતાજી સમક્ષ વ્યક્ત કરે છે અને માતાજી પણ અપાર શ્રદ્ધા ધરાવતા ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે. શ્રી તુલજા ભવાની માતાજીનો સાક્ષાત્કાર નાના મોટા અનેક લોકોને થયાના ઘણા પ્રમાણ છે. અનેક લોકોની મનોકામનાઓ આ મંદિરેથી પૂર્ણ થઇ છે. જ્યારે વડોદરા સ્ટેટના તે સમયના મહારાજા મલ્હારરાવ ગાયકવાડને અંગ્રેજ હુકુમતે પાદરા નગર ખાતે નજર કેદમાં રાખ્યા હતા ત્યારે મલ્હારરાવ ગાયકવાડે માતાજીની માનતા રાખી હતી કે જો મારો 24 કલાકમાં હેમખેમ છુટકારો થશે તો હું જરૂરથી તમારા સ્થાનકે દર્શનાર્થે આવીશ. મલ્હારરાવ ગાયકવાડની સાચી શ્રદ્ધાને માતાજીના આશીર્વાદ મળ્યા હતા અને ચમત્કારીક રીતે તેમનો છુટકારો થયો હતો. અને તેઓ ઉઘાડા પગે પગપાળા રણુ ગામે તુલજા ભવાની માતાજીના મંદિરે માનતા પૂર્ણ કરવા ગયા હતા જ્યાં તેમણે હીરા, મોતી અને માણેકના સુવર્ણ જડિત અલંકારો માતાજીના ચરણોમાં અર્પણ કર્યા હતા જે આજે પણ દર વર્ષે આસો નવરાત્રીની આઠમે માતાજીને પહેરાવવામાં આવે છે.



### વડોદરાના કોટ જૂનીગઢી સ્થિત પાવાગઢના મહાકાળી માં



આજનું વડોદરા શહેર એ એક સમયે વડોદરા રાજ્ય હતું વડોદરાના રાજા મહારાજા ગાયકવાડ પાવાગઢ માતાજીની પૂજા દર્શન કરવા માટે જતા હતા પરંતુ ઉંમર થતાં તેઓ પાવાગઢ જવા અસમર્થ થતાં માતાજીએ તે સમયે જંગલ અને વડોદરા ફરતે જૂનીગઢી કોટ પાસે દરવાજો આવેલો છે ત્યાં માતા મહાકાળીએ રાજાને સાક્ષાત દર્શન આપ્યા હતા.અગાઉ અહીં માતાજીની સોનાની મૂર્તિ હોવાની વાત જાણવા મળે છે જેને ચોર ચોરી ગયા બાદ ચંદનના વૃક્ષમાંથી બનેલી પ્રતિમા છે આજે પણ અહીં મંદિરમાં માતા મહાકાળીની પ્રતિમા પાછળ જૂનો કોટ તથા દરવાજો જોવા મળે છે સાથે જ અહીં પૌરાણિક ભોંયરું આવેલું છે જેમાં એક માંડવી તરફ તથા બીજું પાવાગઢ સુધી જાય છે કહેવાય છે કે અગાઉ રાજા અને તેમનું લશ્કર આ ગુપ્ત માર્ગનો ઉપયોગ કરતા હતા બીજું ભોંયરું પ્રતાપનગર સુધી લંબાયેલુ છે.અગાઉ રણછોડવન ગોસ્વામી, શંકરવન ગોસ્વામી પૂજા કરતા હતા હવે તેમના પરિવારના નિરુબેન ગોસ્વામી તથા તેમના દીકરી પૂજાપાઠ કરે છે અહીં તમામ નવરાત્રિ દરમિયાન આઠમે હવન કરવામાં આવે છે,આનંદના ગરબા તથા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે ત્યારે હાલ ચૈત્રી નવરાત્રી દરમિયાન માંઇ ભક્તો મોટી સંખ્યામાં દર્શન કરવા આવે છે અહીં માં ભક્તોની મનોકામના પૂર્ણ કરતા હોવાની આસ્થા જોડાયેલી છે.

અહીં એક પૌરાણિક ભોંયરું આવેલું છે જેમાં એક માંડવી અને બીજું પાવાગઢ સુધી જાય છે

### વડોદરામાં જૂનીગઢી કોટ પાસે સ્થિત સ્વયંભૂ ભદ્રકાળી માતા



ખોદકામ કરતા પત્થરમાં ઓજાર અથડાયું હતું જેને હટાવી જોતાં કોર્ટ પરિસરમાંથી સ્વયંભૂ પ્રતિમા રૂપે માતાજી પ્રગટ થયા

આજથી છસ્સો વર્ષ અગાઉ વડોદરા શહેરની હદ એટલે કે વડોદરા ફરતે મોટો કોટ ચણેલો હતો જેથી શહેરને દુશ્મન થી સુરક્ષિત રાખી શકાય જેમાં જૂનીગઢી ત થ । શહેરના નવાબજારમ આજે પણ કોટના અવશેષો જોવા મળે છે અહીં જૂના સભ્યનો મોટો દરવાજો બંધ હાલતમાં છે જેની આગળ હવે દિવાલ થઇ ગ ઇ છે અહીં પાવાગઢના મહાકાળી બિરાજમાન છે બાજુમાં જ આ કોટ તોડવાની કામગીરી દરમિયાન એક શ્રમજીવીના હાથે ખોદકામ દરમિયાન પત્થરમાં ઓજાર અથડાયું હતું જેને હટાવી જોતાં કોર્ટમાંથી ભદ્રકાળી માતાજીની સ્વયંભૂ પ્રતિમા મળી આવી હતી જે આજે પણ ત્યાં મંદિરમાં ખંડિત પ્રતિમા બિરાજમાન છે તેમની બાજુમાં જ બીજી આબેહૂબ નાની પ્રતિમા તૈયાર કરી સ્થાપિત કરવામાં આવી છે અહીં તેમની પૂજા અને માનતાથી માતા ભક્તોની મનોકામના પૂર્ણ કરતા હોવાની આસ્થા જોડાયેલી છે.અહી આનંદનો ગરબો, આઠમે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે સાથે જ દરરોજ માં નાં આંગણે રાત્રે ગરબા થાય છે અહીં મુસ્લિમ સમાજ પણ હળીમળીને સેવા કરે છે.



### ઘડિયાળી પોળ સ્થિત મૂળ હરસિદ્ધિ માતાજી (અંબા માતા)

શહેરના માંડવી ચાર દરવાજા નજીક આવેલા ઘડિયાળી પોળ સ્થિત અંબા માતાનું પ્રાચીન કાળનું મંદિર આવેલું છે જેનો ઇતિહાસ રાજા વિક્રમાદિત્ય સાથે જોડયેલો છે. રાજા વિક્રમાદિત્ય ઉજૈનનુ આધિપત્ય ધરાવતા હતા તેઓ હરસિદ્ધિ માતાના પરમ ઉપાસક હતા.આ વિશે વધુ માહિતી આપતા દુર્ગેશ મહારાજે જણાવ્યુ હતુ કે રાજા વિક્રમાદિત્ય ની સુપુત્રી ના વિવાહ રાજપીપળા નરેશ સાથે થયા હતા રાજપીપળા નરેશ પણ હરસિદ્ધિ માતાજીના પરમ ઉપાસક હતા લગ્ન બાદ દીકરી સાથે માતા હરસિદ્ધિ રાજપીપળા આવી જતાં રાજા વિક્રમાદિત્ય માં ના વિરહમાં આવી જતાં તેઓ રાજપીપળા માતા હરસિદ્ધિ ને લેવા પહોંચી ગયા હતા ત્યારે માતાજીએ રાજા વિક્રમાદિત્ય સમક્ષ શરત મૂકી હતી કે તેઓ સાથે આવશે પરંતુ રાજાએ પરત ફરીને જોવાનું નહીં ત્યારે આગળ રાજા પાછળ તેમનું સૈન્ય અને પાછળ માતાજી રૂમઝૂમ ઝાઝરીના રણકાર કરતા ચાલી નિકળ્યા હતા પરંતુ વડોદરાના માંડવી નજીક આવતા માતાજીએ રાજા વિક્રમાદિત્યના ધૈર્યની પરીક્ષા કરવા ઝાંઝરીનો અવાજ લુપ્ત કરી દીધો જેથી રાજા વિક્રમાદિત્યને શંકા જતાં તેમણે પાછળ વળીને જોયું જેથી માતાજી અહીં જ બિરાજમાન થઈ ગયા હતા જ્યારે વિક્રમાદિત્ય ને પોતાની ભૂલ સમજાતાં તેમણે માંડવી ચાર દરવાજા નીચે પોતાના પ્રાણ છોડ્યા હતા જ્યાં આજે પણ તકતી લાગેલી છે આ કસોટી દરમિયાન માતાજી સાથે તેમના ગણ તરીકે હનુમાનજી પણ હતા જેઓ આ કસોટીથી માતાજીથી નારાજ થઈ વિમુખ થઈ ગયા હતા જે આજે પણ ઘડિયાળી પોળ સ્થિત મૂળ હરસિદ્ધિ માતાજી જેમને આપણે અંબા માતા તરીકે પૂજીએ છીએ તેમના મંદિરમાં પીઠ ફેરવીને બિરાજમાન જોવા મળે છે.અહી વર્ષોથી આસો મહિનાની આઠમે માતાજીના દિવ્ય ચક્ષુ એટલે હિરાજડીત નેત્રોના દર્શન ભક્તોને જોવા મળે છે.અહી આઠમના દિવસે હોમ હવન નું આયોજન કરવામાં આવે છે.અહી વર્ષોની પરંપરા મુજબ આસો સુદ નવરાત્રિ દરમિયાન પુરુષો જ ગરબા ગાય છે અને ગરબા રમે છે.

રાજા વિક્રમાદિત્યને શંકા જતાં તેમણે પાછળ વળીને જોયું જેથી માતાજી અહીં જ બિરાજમાન થયા

### માંડવી ચાર દરવાજા નીચે આવેલા આશરે દોઢસો વર્ષ જૂના મેલડી માતા



હાલ ચેત્રી નવરાત્રિ દરમિયાન શહેરના માંડવી ચાર દરવાજા નીચે આવેલા પૌરાણિક મેલડી માતાજીના મંદિર ખાતે માતાજીને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો વહેલી સવારે સાડા ત્રણ વાગ્યે મંદિરે ભક્તો માતાજીના દર્શન પૂજન માટે મોટી સંખ્યામાં આવ્યા હતા અહીં દર રવિવારે તેમજ મંગળવારે વડોદરા શહેર, જિલ્લા ઉપરાંત દૂર દૂરથી માંઇ ભક્તો આવતા હોય છે ત્યારે કેટલાય માઇભક્તો પગપાળા ખુલ્લા પગે દર્શનાર્થે આવ્યા હતા અહીં માતાજી ભક્તોની મનોકામના પૂર્ણ કરતા હોવાની શ્રધ્ધા ને કારણે માંઇ ભક્તોનો ઘસારો જોવા મળ્યો હતો અહીં શ્રધ્ધાળુઓ ચૂંદડી, શ્રીફળ,મીઠાઇ અને ફળફળાદી મંદિરમાં પ્રસાદી સ્વરૂપે અર્પણ કરે છે.ચૈત્રી નવરાત્રિ અને શ્રી પંચમી હોય માંઇ ભક્તોના ઘસારાને ધ્યાનમાં રાખીને મંદિરના પૂજારી કરમશીભાઇ રબારી,ભોલાભાઇ તથા અન્ય સેવાદારો દ્વારા ટ્રાફિક તેમજ ભક્તોના પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

દર રવિવારે તેમજ મંગળવારે વડોદરા શહેર, જિલ્લા ઉપરાંત દૂર દૂરથી હજારો માંઇ ભક્તો આવે છે

## વેજપુરની બહેનોની પ્રેરણાદાયી ગાથા

## મિશન મંગલમ યોજનાના સહારે સ્વસહાય જૂથની રચના કરી બહેનોએ ભવિષ્યને નવો આયામ આપ્યો

વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં આવેલું વેજપુર ગામ, જે અગાઉ શાંત અને સાદગીભર્યું જીવન જીવતું હતું, આજે એક પ્રેરણાસ્પદ ક્રાંતિનું સાક્ષી બન્યું છે. આ ગામની બહેનોએ એકજૂટ થઈ, મિશન મંગલમ યોજનાના આશ્રયે સ્વસહાય જૂથની રચના કરી અને પોતાના ભવિષ્યને નવો આયામ આપ્યો. આ યાત્રા શરૂ થઈ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ખાતું ખોલાવવાથી, જ્યાં દરેક બહેને માસિક રૂ. 100ની નાનકડી બચતથી પોતાની આર્થિક સ્વતંત્રતાનો પાયો નાખ્યો. આ જૂથને મિશન મંગલમ યોજના હેઠળ રૂ. 5,000નું રિવોલ્વિંગ ફંડ, રૂ. 6,00,000ની કેશ ક્રેડિટ અને રૂ. 1,50,000નું CIF મળ્યું. આ નાણાકીય ટેકાએ બહેનોને પોતાની જરૂરિયાતો પૂરી કરવા આંતરિક ધિરાણની સુવિધા આપી. સમય જતાં, તેમણે ધિરાણની વસૂલાતનું કાર્ય પણ નિયમિત રીતે શરૂ કર્યું, જેનાથી જૂથની આર્થિક વ્યવસ્થા મજબૂત બની. આ પછી, બહેનોએ સાથે મળીને આર્થિક પ્રવૃત્તિઓનું સ્વપ્ન સેવ્યું. ગામના રહેવાસી અને સખી મંડળના સભ્ય ઠાકોર ઈલાબેન વિજયસિંહે જણાવ્યું કે, અમે એન.આર.એલ.એમ. ના સ્ટાફના માર્ગદર્શનથી તેમણે આરસેટી દ્વારા વિવિધ તાલીમો હાંસલ કરી. 'જય માતાજી સખી મંડળ'ની બહેનો અને અન્ય મંડળોની સખીઓએ એકઠા થઈને કૌશલ્યના નવા દ્વાર ખોલ્યા. આ તાલીમોમાંથી એક બહેને બી.સી. (બિઝનેસ કોરેસ્પોન્ડન્ટ)ની તાલીમ લીધી અને પોતાના ગામમાં બી.સી. પોઈન્ટ શરૂ કર્યું. જે -તે સમયે ગામના લોકો અમને રૂ. 5000 પણ આપવા તૈયાર ન હતા અને આજે હું દરેક લોકોને લોન ફાળવી રહી છું અને આજે મારી વાર્ષિક આવક 45 હજાર જેટલી છે. જે બદલ હું કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર માની રહી છું. આ નાનકડી શરૂઆતે ગામમાં ધીમે ધીમે મોટું સ્વરૂપ લીધું. સખી મંડળની બહેનો અને ગામના અન્ય લોકો તરફથી મળેલા હૂંફાળા પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને તેમણે પોતાની કામગીરીને વિસ્તારી. આસપાસના પડોશીઓ, સગા-સંબંધીઓ અને પાસેનાં ગામોમાં પણ આ સેવાની સુગંધ ફેલાઈ. બી.સી. પોઈન્ટનું સંચાલન વધુ વ્યવસ્થિત બનાવવા, તેમણે બેંકોમાં અને ગામે-ગામ ફરીને પોતાની સેવાની જાહેરાત કરી. આના પરિણામે મળેલા સકારાત્મક પ્રતિસાદથી જૂથની દરેક બહેનના ઉત્સાહમાં અનેકગણો વધારો થયો. આ સફળતાની ગાથા અહીં અટકી નહીં. આ કાર્યથી પ્રેરાઈને અન્ય બહેનો પણ સ્વસહાય જૂથમાં જોડાઈ, આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા પોતાનું જીવન સુધારવા આગળ વધી.



### આર્થિક સ્વાવલંબન અને આત્મવિશ્વાસની નવી ઉડાન

સંગઠનની શક્તિ અને સમર્પણથી આ બહેનોએ માત્ર આજીવિકા જ નહીં, પણ આર્થિક સ્વાવલંબન અને આત્મવિશ્વાસની નવી ઉડાન પણ મેળવી. આજે તેઓ જૂથનો ભાગ બનીને પગભર થયા છે અને પોતાના જીવનમાં સાચા અર્થમાં ખુશહાલીનો અનુભવ કરી રહ્યા છે. વેજપુરની આ બહેનોની કહાની એક ઉદાહરણ છે કે કેવી રીતે નાનકડા પગલાં અને સામૂહિક પ્રયાસો મોટા પરિવર્તનનું કારણ બની શકે છે.

